# India’s participation in the video conference of SAARC Health Ministers on COVID-19 hosted by Pakistan

April 23, 2020

## પાકિસ્તાન દ્વારા આયોજિત કોવિડ-19 પર સાર્ક દેશોનાં આરોગ્ય મંત્રીઓની વિડીયો કોન્ફરન્સમાં ભારતની સહભાગિતા

એપ્રિલ 23, 2020

પાકિસ્તાન દ્વારા 23 એપ્રિલ 2020 નાં રોજ યોજવામાં આવેલી કોવિડ-19 પર સાર્ક દેશોનાં આરોગ્ય મંત્રીઓની વિડીયો કોન્ફરન્સમાં, આરોગ્ય સેવાઓનાં મહાનિર્દેશકે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું જેઓની સાથે સહાયક તરીકે ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યુટ ઑફ મેડિકલ સાયન્સીસ, નવી દિલ્હી અને ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રીસર્ચનાં નિષ્ણાંતો હતા. મોટાભાગનાં સાર્ક દેશોએ અધિકૃત સ્તર પર પ્રતિનિધિત્વ કર્યું હતું.

આ ઈવેન્ટ અગાઉ 26 માર્ચ 2020 નાં રોજ ભારતની વરિષ્ઠ આરોગ્ય વ્યાવસાયિકોની વિડીયો કોન્ફરન્સ યોજવાની પહેલનું અનુસરણ હતી, જે કોવિડ-19 સામે મોટા પ્રાંતિય સહકારનાં પ્રચાર માટેનો ઉત્પાદક અને પરિણામ-લક્ષી વ્યાયામ સાબિત થયો હતો.

ભારતનાં હિસ્સામાં, 26 માર્ચનાં રોજ કરવામાં આવેલી સંક્ષિપ્ત રજૂઆત પર આગળ વધતા, ભારત જીવનજરૂરી સામગ્રીઓ અને દવાઓમાં ઉત્પાદનમાં વધારો કરી રહ્યો છે અને દવાઓ અને રસીઓ પર સંશોધનમાં ક્ષમતાઓ વધારી રહ્યો છે તે બાબત સહિત વર્તમાન કોવિડ-19 પરિસ્થિતિ સામેનાં ભારતનાં વ્યાપક પ્રતિભાવ પર વિગતવાર માહિતી રજૂ કરવામાં આવી હતી. આ મીટિંગમાં, ભારત દ્વારા સામુદાયિક પહોંચ અને દરમિયાનગીરી મહત્તમ કરવા ‘આરોગ્ય સેતુ’ મોબાઇલ ઍપ જેવા નવા અને નવીન ટેકનોલોજી-આધારિત ઉકેલોનાં સફળ ઉપયોગ અને આશાસ્પદ ભવિષ્ય પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

15 માર્ચ 2020 નાં રોજ સાર્ક આગેવાનો સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિડીયો કોન્ફરન્સ દ્વારા પ્રાંતમાં તીવ્ર થયેલી સહકાર અને એકતાની ભાવના પ્રાંતમાં લોકોની યાતનાઓ હળવી કરવા તરફ લક્ષ્યાંકિત નક્કર અનુગામી પગલાઓની શ્રેણી મારફત કોવિડ-19 સામેની લડાઈમાં ઘણી પ્રગતિ તરફ દોરી ગઈ છે. સાર્ક કોવિડ-19 ઈમર્જન્સી ફંડની સ્થાપના અને ઉપયોગ, સાર્ક ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર (એસડીએમસી-આઇયુ), ગાંધીનગર દ્વારા વિકસાવવામાં આવતી સમર્પિત વેબસાઇટનું નિર્માણ અને વાસ્તવિક સમયમાં તેઓનાં સંવાદ માટે આરોગ્ય અને વ્યાપાર અધિકારીઓનાં સ્વતંત્ર નેટવર્કિંગનો પ્રચાર દેખિતા વ્યવહારું પગલાઓ પૈકીનાં કેટલાક છે.

ભારતે તમામ સાર્ક દેશો વાપરી શકે તે માટે ‘સાર્ક કોવિડ-19 ઇન્ફર્મેશન એક્સચેન્જ પ્લેટફોર્મ (COINTEX)’ નામનું ઇલેક્ટ્રોનિક પ્લેટફોર્મ વિકસાવ્યું છે. આગામી મોટા પગલા તરીકે, પ્રાંતમાં નિર્ધારિત આરોગ્ય વ્યાવસાયિકો વચ્ચે કોવિડ-19 પર વિશેષ માહિતી અને સાધનોનાં આદાન-પ્રદાન માટે આ પ્લેટફોર્મ અભ્યાસક્રમો પણ ઑફર કરશે અને સુવિધાઓ પ્રદાન કરશે.

આ વર્ચ્યુઅલ મીટિંગ બહોળા પ્રાંતિય સારા હેતું માટે કોવિડ-19 સામેની સંયુક્ત લડાઈમાં જ્ઞાન, નિપુણતા અને શ્રેષ્ઠ પ્રથાઓનું મોટા પ્રમાણમાં આદાન-પ્રદાન કરવા તરફ પોતાની પ્રબળ કટિબદ્‌ધતાની પુનઃપુષ્ટિ કરવા માટે ભારત માટે એક અવસર હતો.

**નવી દિલ્હી**
**એપ્રિલ 23, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.